PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૮/ક્વા-૦૨/૨૦૨૩-૨૪/ ૨૮૧૭-૨ તારીખ : ૦૨ - ૦૯ - ૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
શ્રી નીકિતાબેન મુંજાલભાઈ પટેલ
જે.કે.પાર્ક ,છેલ્લી શેરી, પાણીના ટાંકા પાસે, કોઠારિયા મેઈન રોડ,
મું. પો. : કોઠારિયા, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૨
મોબાઈલ : ૯૮૭૯૧૪૮૮૫૭

વિષય : નામ ટ્રાન્સફર કરાવી આપવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૪-૦૭-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૮/ક્વા-૦૨/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખોખડદળ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૮/ક્વા-૨/૨૩-૨૪/ 2817-2 તા. 02-09-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**નોંધણી નંબર -૦૮/ક્વા-૨/૨૩-૨૪ તા.૨૪-૦૭-૨૦૨૩**

અરજદાર : શ્રી નીકીતાબેન મુંજાલભાઈ પટેલ, ગામ: કોઠારિયા

રજૂઆત કરનાર : અરજદારશ્રી હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૩

રજૂઆત કરનાર : એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી - શહેર-૩ રાજકોટ હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૦૨.૦૯.૨૦૨૩ (શનિવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૨.૦૯.૨૦૨૩ (શનિવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી નીકીતાબેન મુંજાલભાઈ પટેલ ખોખડદળ પેટાવિભાગીય કચેરી હેઠળ જે.કે.પાર્ક, કોઠારિયા મેઈન રોડ, પાણીના ટાંકા પાસે કોઠારિયા ખાતે, પ્રવીણભાઈ જેરામભાઈ ખુંટ નામે ગ્રાહક નં. ૬૨૧૧૩/૨૬૭૩૧/૪ થી ૦૧ કી.વો. નું ઘરવપરાશનું વીજજોડાણ ધરાવે છે.

૨.૧ સદર જગ્યાએ અરજદારશ્રી દ્વારા પ્રવીણભાઈ જેરામભાઈ ખુંટના નામ પરથી નીકીતાબેન મુંજાલભાઈ પટેલના નામ પર નામ ટ્રાન્સફરની અરજી સંલગ્ન કચેરી ખાતે કરેલ, અરજદારે અરજી સાથે દસ્તાવેજ RKT 7 KTP 5729 ની નકલ તથા દસ્તાવેજ માટેના રજીસ્ટ્રેશન રસીદની નકલ જોડેલ હતી પરંતુ સંલગ્ન કચેરી દ્વારા તા.૨૬.૦૬.૨૦૨૩ ના પત્ર નં. ૫૧૩૯ થી જણાવેલ કે સદર કનેકશનનો વપરાશનો હેતુ RGPU છે પરંતુ જોડેલ દસ્તાવેજ ખુલ્લા પ્લોટનો હોય અરજદારની નામ ટ્રાન્સફરની અરજી રદ કરેલ છે અને યોગ્ય દસ્તાવેજ જોડી ફરીથી અરજી કર્યા બાદ કંપનીના નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરીયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પત્ર નં ૩૬૪૦ તા.૨૫-૦૮-૨૦૨૩ મુજબ અરજદારશ્રી નીકીતાબેન મુંજાલભાઈ પટેલ જે.કે. પાર્ક, પાણીના ટાંકા પાસે, કોઠારીયા મેઇન રોડ, એરિયામાં ખોખળદડ સબડીવીઝન હેઠળ ઘર વપરાશના વીજજોડાણ ગ્રાહકનંબર-૬૨૧૧૩/૨૬૭૩૧/૪ માં પ્રવીણભાઈ જેરામભાઈ ખુંટના નામે થી નીકીતાબેન મુંજાલભાઈ પટેલના નામે નામ ટ્રાન્સફર માટેની અરજી ઇનવર્ડ નં.-૧૬૯૦ થી તા.૨૦.૦૬.૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ હતી. જે અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની નામ બદલીની અરજીના રજીસ્ટ્રેશન ચાર્જની રકમ તા.૦૫.૦૮.૨૦૨૩ રસીદ નં UE-૨૮૮૪૧૨ થી ભરપાઈ કરેલ છે, ત્યારબાદ તા.૧૦.૦૮.૨૦૨૩ આ.વ.નં. ૭૨૩૦ થી સિક્યોરીટી ડીપોઝીટનું કવોટેશન આપવામાં આવેલ છે. જે તા.૧૧.૦૮.૨૦૨૩ ના રસીદ નં – UE ૨૮૮૯૬૮ થી ભરપાઈ થતા ગ્રાહકનુ નામ ટ્રાન્સફર કરી આપવામાં આવેલ છે. આમ, અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની મુદ્દા નં ૨.૦ મુજબની વિગતેની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મુદ્દા નં ૩.૦ થી ૩.૦ મુજબની કાર્યવાહી કરતા અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

૪.૨ અરજદારની ચાલુ વીજજોડાણ ગ્રાહક પ્રવીણભાઈ જેરામભાઇ ખુંટના નામે ગ્રાહક નં. ૬૨૧૧૩/૨૬૭૩૧/૪ થી નીકીતાબેન મુંજાલભાઈ પટેલના નામ પર નામ બદલીની અરજી તા.૨૦.૦૬.૨૦૨૩ અન્વયે પીજીવીસીએલની સંલગ્ન પેટાવિભાગીય કચેરી ખોખડદડ દ્વારા પત્ર નં -૫૧૩૯ તા.૨૬.૦૬.૨૦૨૩ થી નામંજુર કરેલ હતી, ત્યારબાદ ફોરમમાં સદર ફરિયાદના અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ફરીથી જરૂરી કાર્યવાહી થતા અરજદારની નામ બદલીની અરજીની નોંધણી તા.૦૫.૦૮.૨૦૨૩ થી સ્વીકારેલ છે, તેમજ અપાયેલ ભાવપત્રક તા.૧૦.૦૮.૨૦૨૩ ની રકમ અરજદાર દ્વારા તા.૧૧.૦૮.૨૦૨૩ થી ભરપાઈ થતા નામ બદલીની કાર્યવાહી કરવામાં આવેલ છે. આમ, સદર બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની અગાઉની અરજી અન્વયે ભૂલ ભરેલ કાર્યવાહી થયેલ જણાય છે, જેથી સદર પ્રકારની ફરિયાદ ઉપસ્થિત થયેલ છે. ભવિષ્યમાં સદર પ્રકારની ભૂલનું પુનરાવર્તન ન થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫